પર્યુષણ-પર્વ

લખનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર,

વીરચંદ લાલચંદ શાહ

રહેવાશી આટકોટ, હાલ કુળીઆ

પર્યુષણ-પર્વ

સંપ ત્યાં જંપ, જંપ એજ શાંતિ, શાંતિ ત્યાં
મીઠું-મધુરૂં જીવન, મીઠું જીવન ત્યાં ધર્મ
અને ધર્મ ત્યાં મોક્ષ.

લખનાર અને છપાવી પ્રસિદ્ધ કરનાર,

વીરચંદ લાલચંદ શાહ

રહેવાશી આટકોટ, હાલ ધુળીઆ

વીર સંવત ૨૪૫૧ પ્રત ૧૦૦૦

મુલ્ય સદ્ઉપયોગ

ઉમરેઠ ભટવાડી પોળને નાકે આવેલા સરસ્વતી પ્રીં. પ્રેસમાં
રતિલાલ બાળકૃષ્ણ ત્રિવેદીએ છાપ્યું અને વીરચંદ લાલચંદ
શાહે ધુળીઆમાંથી પ્રગટ કર્યું.

પ્રસ્તાવના

આ એક " અંતર-અવાજ " છે, તેને પ્રસ્તાવના શી હોઇ શકે? છતાં રૂઢીને માન આપી બે બોલ લખું છું. આજારી માણસને વૈદ કે ડાકતર પ્રથમ જુલાબ આપશે કેમકે કોઠો સાફ થયા સિવાય ગમે તેવી ઉંચી ઔષધી પણ લાગુ ન થાય. તેમ આપણાં ઉંચા જૈન-ધર્મના સિદ્ધાંતો અને રહસ્ય સમજવા માટે પ્રથમ હૃદય શુદ્ધિની આવશ્યકતા છે. હૃદયશુદ્ધિ માટે શુદ્ધ ભાવનાની જરૂર છે. શુદ્ધ ભાવનાના વિકાસને શાંતિની જરૂર છે અને શાંતિ મીઠા જીવન વગર હોઇ શકે નહીં. મીઠું જીવન કુટુંબ-સબંધ સાથે સંકળાયેલ છે. માટે ઉંચકોટીના માર્ગદર્શક રૂપે પ્રથમ પગથીયું કુટુંબ-સબંધ છે.

અત્યારના આ પ્રવૃતિના જમાનામાં-આ કુટુંબ-સબંધમાંના ઐકયતાના તાર તુટી ગયા છે. જ્યાં જોશો ત્યાં ઝેર વેર અને વધરાં, આચરણો શિથીલ અને કાંઇને કાંઇ પ્રકારની ઉપાધિઓ લાગી જ પડી છે. આ એક જાતનો રોગ છે, તેને મીટાવવાની ઔષધી જુદા જુદા મગજથી શોધાય-તેના કડવા ઘુંટડા ઉતારવાની શક્તિ પ્રાપ્ત થાય તોજ એ અશાંતિનો રોગ મટશે, તોજ દરેક શુભ કાર્યોમાં આગળ વધી શકશું, તો જ જૈનધર્મના ઉંચા તત્વો મગજમાં ઉતારી શકશું. એ શુભ હેતુથી એ સબંધે વિચાર કરવા " અંતર-અવાજ " આ પર્યુષણ-પર્વ નીમિત્તે સેવામાં રજુ કરૂં છું, તે સાંભળશો અને વિચારશો એવી આશા રાખું છું. ભુલ ચુક કે અવિનય માટે ક્ષમા માગું છું.

સેવક

વીરચંદ લાલચંદ શાહના

જયજીનેંદ્ર

સમર્પણ

સ્વર્ગસ્થ માનવ રત્નો !

પુણ્યાત્મા પૂજ્ય ટોકરસી ધારસી.

,, ,, ભુદરજી ટોકરશી.

,, ,, લાલચંદ ટોકરશી.

,, ભાઇ ઉજમશી ભુદરજી

,, માતુશ્રી રળીઆત બાઇ

,, ,, હરીબાઇ

,, ,, જીવીબાઇ ઉર્ફે કસ્તુરબાઇ

સ્વર્ગસ્થ વઉ દુધી વઉ

,, ,, કસુંબા વઉ

એઓના સ્મારક ખાતર આ " પર્યુષણ-પર્વ " પ્રત એક હજાર છપાવી પ્રસિદ્ધ કરી સદ્‌ઉપયોગ માટે કાંઇપણ કીંમત લીધા સિવાય વેંચી છે.

વીરચંદ લાલચંદ શાહ

પર્યુષણ-પર્વ

આપણાં **પર્યુષણ-પર્વ** આવ્યાં, તે આવ્યાં અને વીતિ પણ જશે, આપણે અને આપણાં ભાઇઓએ ઘણાં આવા પર્વ ઉજવ્યા અને હજુ ઉજવશે, **શ્રી વીર પ્રભુએ** સ્વિકારેલા ઘણાં શ્રાવકો અને શ્રાવિકાઓ સ્વર્ગે ગયા, અને હજુ પણ જશે. જેઓ સમજ્યાં અને સમજશે તેઓને ધન્ય છે. જેઓ પોતાના આત્માનું કલ્યાણ કરી ગયા અને કરશે, તેઓને મારી સવિનય સમય સમયની **વંદણા** હોજો.

દરેક જીવને સુખ વ્હાલું અને દુ:ખ અળખામણું લાગે છે. સુખ દુ:ખ કોને કહેવાં એ સમજવું તો મુશ્કેલ છે; છતાં અંત:કરણે માની લીધેલ સુખની શોધમાં આત્મા

રમણ કરે છે. અને કદાચ એ સંસારી–અશાશ્વત સુખ સાંપડયું તો પણ છેવટે અશાશ્વત તે અશાશ્વતજ ! નિરાશા અને અશાંતિમાં જીવ ગોથા ખાતો સંસારચક્રની **પરિભ્રમણા** કરે છે. પણ જ્યાં સુધી શાશ્વત સુખ આપનાર ધર્મ સિવાય બીજો કોઇ નથી, એમ જાણ્યું નહિં ત્યાં સુધી એની એ દશા છે.

ધર્મ સાધવાના સાધનમાં પ્રથમ દરજ્જે શાંતિની જરૂર છે. શાંતિ મીઠા જીવન વગર હોઇ શકે નહીં. મીઠું જીવન કુટુંબ–સબંધ્ર સાથે સંકળાયેલ છે. તેમાંથીજ " એકાંત સુખી વિતરાગી "ની દશા પ્રાપ્ત થાય છે. **શ્રી વીર** પ્રભુએ પણ પ્રથમ કુટુંબ સાધના સાધી હતી. રખે ! માતાજીને દુ:ખ થશે એ વિચારેજ માતાજીના અવસાન પછી દીક્ષા લીધી હતી.

કુટુંબ–સબંધ માનવજાતિને પશુ જાતિથી અલગ પાડે છે. આ જગતમાં જે મનુષ્ય કુટુંબ–બંધનથી બંધાયેલો નથી, તેના ચારિત્ર્યોની પરીક્ષા કરવા માટે યોગ્ય સ્થળ પણ નથી. મનુષ્યનો બાળ બચ્ચાં અને કુટુંબ કબીલાવાળો સંસાર તેના સુખ અને સદ્‌ગતિની **લીલાભૂમિ** છે. કુટુંબ બંધન જ મનુષ્યના હૃદયમાં સાચાં બળ અને શક્તિનો સંચાર કરે છે.

કુટુંબ–બંધનથી મનુષ્યના હૃદયમાં સુખ, શાંતિ અને પવિત્રતાનો ફેલાવો થાય છે. નાનાંથી તે મોટાં સુધી દરેકનો

એક બીજા ઉપર ભાવ ઉત્પન્ન થાય અને તેઓ અરસપરસ મદદ કરે, એજ એનું મુખ્ય કારણ છે.

માતા પિતાની આજ્ઞાના પાલન માટે જે બાળક શરિર અર્પણ કરતાં શીખ્યો છે, તે ગુરૂ પાસે ગયા પછી ગુરૂ માટે પણ એમ જ કરશે અને મોટો થયા પછી સમાજ માટે–ધર્મ માટે પણ એ **આત્મભોગ** આપી શકશે.

મોક્ષની સીડીના પગથીયાં અનુક્રમે એક પછી એક ચડવામાં આવે, તો તો કુશળતાથી મોક્ષમાં પહોંચી શકાય, પણ તેમ નહીં થતાં પાંચ વરસના બાળકને–વજનમાં પાંચ મણની ગુણી–ઉઠાવવાનું કહીએ તો તે તેનાથી બને નહીં એટલુંજ નહિ પરન્તુ ઉલટું ખોટી–શકિત વગરની મહેનત કરવા જતાં કયાંક આંતરડા બહાર નીકળી જવાનો ભય માત્ર રખાય! પરંતુ અનુક્રમે તેની ઉંમર–શકિત વધતાની સાથ–પાંચ શેર, દશ શેર, મણ ને ચાર મણ બોજો તેજ બાળક ઉઠાવવાનો! માટે શુદ્ધ ભાવનાના વિકાસમાં અંતરાયરૂપ " સંસાર સબંધ સર્વ જુઠો છે, સગું સબંધી કોઇ કોઇનું નથી" એવી ગળથુથી પાવામાં જોખમ રહેલ છે. આ સત્ય તો જે જીવાત્માઓએ ઉંચી શ્રેણી પ્રાપ્ત કરી છે તેને માટે છે. પણ જે ઉંચી શ્રેણી પ્રાપ્ત કરવાના અભ્યાસી છે તેને માટે નથી. " એકડો એક " ઘુંટનારને " લાખ, ક્રોડ કે અબજ " ની સંખ્યાનો કેવોક ખ્યાલ આવે ?

આપણા ઉત્તરાધ્યયન સુત્રમાં આશ્રમ ચાર કહેલ છે:- ૧ બ્રહ્મચર્યાશ્રમ ૨ ગૃહસ્થાશ્રમ ૩ વાનપસ્થાશ્રમ ૪ સન્યસ્તાશ્રમ. આમાં પણ ગૃહસ્થાશ્રમ–કુટુંબ સબંધને બીજે સ્થાને મુકેલ છે. મતલબ કુટુંબ–સબંધથી બધી શરૂઆત છે. તેમાંથી ભાવનાઓનો વિકાસ થઇ હરેક શુભ કાર્યો થઇ શકે છે. અને બીજા ત્રણે આશ્રમનો પોષક ગૃહસ્થાશ્રમજ છે.

ધર્મ કરો ! ધર્મ કરો ! આવા પોકારો ઘણા આપણા બહેરા કાન ઉપર પડયા અને પડે છે પણ કોઇ ભાગ્યવંત સિવાય બાકી તો મારા જેવા ઘણા બિચારા–હૃદય સાથે ધમાલ મચાવી રહ્યા હશે કે " અશાંતિની બળતી સગડીમાં હોમાયેલ જીવડો ધર્મ શું કરી શકે ? " આજકાલની નકલી કેળવણી, લુલી ભાવનાઓ, અને પશ્ચિમના વાયરાની અસર– આવાં કારણોએ આપણાં જીવન કડવા બનાવી દીધાં છે. જમાનો પ્રવૃત્તિનો છે તો શાંતિ શોધી કયાંથી મળે ? " પગ હેઠે દાવાનળ સળગે એ અવલોકો આપ, પછી શીખામણ અમને આપો મોહન રાખી માપ " આ વાકય આપણે માન્ય રાખવું પડશે જ અને પ્રથમ તો આપણે આપણું ઘર તપાસવું જોઇશે.

કુટુંબ–સબંધમાં પ્રથમ સંપ–ઐકયતાની ખાસ આવસ્યકતા છે, તે સિવાય અશાંતિ ટળવાની નથી અને

ધર્મના કાર્યોમાં પણ જીવ પરોવાશે નહીં. માટે આ ઉત્તમ **પર્યુષણ–પર્વ**ના અઠવાડીયામાં આપણુ વિચાર કરીએ.

આજકાલ આખા હિંદુસ્તાનની ઐક્યતા સાધવાના પ્રયત્નો થઇ રહ્યા છે પણ ઘરના કંકાસો, કુટુંબી ઝઘડાઓ, નાતજાતના વાંધાઓ–આ બધાં પાપોનું પ્રથમ બારીકીથી અવલોકન કરી તેની પતાવટ થઇ ઐક્યતા થવાની ખાસ જરૂર છે. એ સિવાય આખા દેશની ઐક્યતામાં–અંદરઅંદરના કંકાસોથી હજારો વિઘ્નો આડે આવી ઉભા રહે છે અને કાર્ય કર્ત્તાઓને નાસીપાસી ઉપજાવે છે. એ કારણે પણ પ્રથમ દૃષ્ટી ઘર ઉપર કરવાની જરૂર છે.

આપણાં ઉજળાં પર્યુષણ–પર્વ–શાંતિ સ્થાપક છે, શાંતિનો હેતુ છે તેની જગોએ અત્યારે કેટલેક સ્થળે તદ્દન ઝેર–વેર વધારવાના અખાડા બને છે ! ઘરનો કજીઓ નાતમાં અને નાતનો કજીઓ ગામમાં ફેલાય છે. વાદવિવાદ વધે છે. એ વાદવિવાદની બળતી જ્યોત કેટલી લંબાય છે અને કેટલો ભોગ લીએ છે તેની હદ નથી !

જે વિષય મારા હૃદયને હચમચાવી રહ્યો છે; ઘણે ભાગે જે જોયું છે ને અનુભવ્યું છે તેજ આપણા ઘર–સંસારની થોડીક વાનીઓ અહીં પીરસું છું; તે અસ્થાને નહીં હોય !

એક બાપના બે દીકરા–તેના તો અબોલા, બાપ–દીકરા

વચ્ચે ટંટો આળસ તો ન હોય, કાકીનાનો તો દુષ્કાળ ઇચ્છાતો હોય, દેરાણી-જેઠાણીના પંજા સામસામા ઘુરકીજ રહ્યાં હોય ! સાસુ-વહુના વરઝોળાં ચાલ્યા કરતાં હોય, વડીલોની સેવા ન હોય, નાનેરા ઉપર ભાવના ન હોય. એક કહેશે નેવાનું પાણી અહીંથી જશે તો બીજો કહેશે તહીંથી જશે. એક કહેશે આ કમાણી મારી છે તો બીજો કહેશે મારી છે, એક કહેશે તારી સ્ત્રીએ ફલાણું કહ્યું તો બીજો કહેશે તારી ઓરતે ઢીકણું કીધું. વળી વડીલોને માન આપવું-તેમની સેવા ચાકરી કરવી- તેમની અમાન્યા પાળવી-કહેવાતા સુધરેલના સિદ્ધાંતમાં આ વિનય-એક અપવાદ રૂપેજ હશે. બાકી તો "સાઠે બુદ્ધિ નાઠી, બેસને ડોકરા!" આવીજ વાનગીઓ વડીલોને પીરસાય છે!

ઘણે મોટે ભાગે દેરાણી-જેઠાણીનો કંકાસ કાયમનો હોય છે, તે સિવાય તો કોઇ ભાગ્યવંતનું ઘર કોરૂં હશે. કાંઇક કેળવણીનો અભાવ, કાંઇક સંસ્કાર એવા, કાંઇક ઘરની કેળવણીની ખામી અને કાંઇક પૂર્વ ભવના વૈરભાવ-આ બધી બાબતોથી ઓરતોના ગગડા મચ્યાજ કરે છે. પણ જ્યાં પુરૂષવર્ગ કાનના કાચા ન હોય, અને બારીકીથી અવલોકન કરવાની શક્તિ ધરાવતા હોય ત્યાં દેખાવ થોડો આવે, છતાં હૃદયના મેલ તો જ્યારે ઇશ્વર સદ્દબુદ્ધિ આપે ત્યારેજ ધોવાય.

સ્ત્રીજાતિનો પ્રભાવ ઓછો નથી, તેઓ ધારે-સમજે-

તેઓની ઇચ્છા થઇ તો આકાશમાંથી સ્વર્ગને ખેંચી જમીન ઉપર લાવે. તેઓ બુદ્ધિવંત છે, સમજવાની શકિત છે પણ આ શકિત ખીલવવાના સાધનથી પુરૂષવર્ગે તેઓને વિમુખ રાખી છે. હવે સમાજથી ચેતાય તો સારૂં છે.

નજર કરો અનેશોધો કે–આંધળા માબાપોને કાવડમાં બેસાડી કાવડ ખભા ઉપર ધારણ કરી તીર્થ કરાવનાર "**શ્રવણ**" આજે કેટલા છે? દીકરાના વિયોગ સાથે પ્રાણ અર્પણ કરનાર "**દશરથ**" આજે કેટલા છે? ભાઇને ખાતર ફકીરી ધારણ કરનાર "**ભરત**" આજે કેટલા છે? "**બેટા ધ્રુવ!** જો ઓરમાન માતાનાં વચન પ્રહારથી કદાચ તારા હૃદયમાં દુ:ખ ઉત્પન્ન થયું હોય, તો પૂણ્ય પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કર, પુણ્ય પ્રાપ્ત કરવાથી સઘળું પ્રાપ્ત થશે. વિનયી, સત્યવાદી, ધર્મપરાયણ અને પરહિત વાદી થા" આવું કહેનાર જનની–જનેતા "**સુનીતિ**" આજે કેટલી છે? પ્રાણને ભોગે શિયળનું રક્ષણ કરનાર અને પતિ–ભક્તિમાં લીન "**સીતા–દમયંતી**" આજે કેટલી છે? જેઠના ઘરમાં ખાવાના પણ સાંસા છે એવે વખતે જેઠાણી પાસે આવી કાંઇક મદદ આપે છે; તે મદદ જેઠાણી સ્વીકારતી નથી તેથી જેઠાણીના પગની ધુળ માથા ઉપર ચડાવી મદદ સ્વિકારવા આગ્રહ કરનાર દેરાણી "**મોહિની**" આજે કેટલી છે? હશે! ઘણાં હશે! પણ તે કોઇ ભાગ્ય–ભૂમિ ઉપરે–અને

પૂણ્યવંતને ઘેર! આવાં **પુણ્યવંત ઘર બનાવવા એજ ધર્મને નજીક લાવ્યા બરોબર છે.**

ઘરનો સડો દુર કરવામાં ફક્ત "રામાયણ"ના પાત્રોને હૃદયમાં સ્થાન મળે તો પછી વિશેષ કાંઇ જોવાનું નથી. માતા હોય તેણે "**કૌશલ્યા**" થવું. પિતા હોય તેણે "**દશરથ**" થવું. મોટેરો ભાઇ હોય તેણે "**રામ**" થવું. નાનેરો ભાઇ હોય તેણે "**ભરત–લક્ષ્મણ**" નો પાઠ શીખવો, પત્નિ હોય તેણે "**સીતા**" હૃદયમાં ધારણ કરવી અને પતિ હોય તેણે "**રામ**" વિચારવો. સૌ પાત્રો પોત પોતાનો પાઠ બરોબર ભજવી શકશે તો તેની આ સંસાર રૂપી નાટય ભુમી ખીલી નીકળશે. એજ પ્રકારે શાંતિ થશે અને એ શાંતિ ધર્મ પ્રાપ્ત કરાવી શકશે. અને **સંસાર સ્વર્ગીયતાવાળો બનીને** રામરાજ્ય પ્રવર્તશે.

ઘરનો સડો દુર કરવામાં જેટલો ભોગ આપવાનો હોય તેટલો આપીને પણ દુર કરવો અને તે સબંધે આ **ઉત્તમ પર્યુષણ–પર્વમાં** વિચાર કરી તેનાંજ વ્રત લેઇ આ પર્વ શોભાવવું–અને પછી દૃષ્ટિ લંબાવવી આડોસી–પાડોસી, નાત–જાત, સ્વગામ, સ્વદેશ અને પછી સર્વ ભૌમ જગત ઉપર કે જે એ દૃષ્ટિ કાયમની હસે.

આપણામાં ૧ દાન ૨ શિયળ ૩ તપ ૪ ભાવ, એ ચાર પ્રકારે ધર્મ કહેલ છે. તેમાં ભાવ ને પ્રધાનપદ આપેલ

છે. ભાવ હોય તોજ તપ, શિયળ અને દાન થઇ શકે છે. માટે ભાવનાનો વિકાસ શ્રેષ્ટ છે અને તે વિકાસ પ્રથમ કુટુંબથી શરૂ થાય તોજ સાર્વભૌમ થવાય છે. ભાવનાનો વિકાસ થતાં તેમાંથી શૌર્ય, ક્ષમા, દાન, અહિંસા, સત્ય, પ્રેમ ઇત્યાદિક ગુણોની ઉત્પત્તિ થાય છે. જેમ જેમ ભાવના પ્રબળ થતી ગઇ તેમ તેમ હૃદયનો મેલ–પાપ ધોવાશે અને સાચી આત્માની જ્યોત પ્રગટ થશે.

હવે આપણી ધાર્મિકક્રિયાઓમાં આપણે કયાં છીએ તે જરા તપાસીએ. કેમકે ક્રિયાઓ તો શુદ્ધ–હેતુની છે પણ તેનો લાભ આપણે કેવોક લઇએ છીએ તે વિચારવું વ્યાજબી છે.

ઉત્તરાધ્યયન સુત્રમાં ધર્મ સાધનાના અંગ:– ૧ મનુષ્ય જન્મ ૨ શાસ્ત્ર શ્રવણ. ૩ શુદ્ધ ધર્મમાં શ્રદ્ધા. ૪ ધર્મમાં પરાક્રમ કરવું–એ ચાર કહ્યા છે. મનુષ્ય જન્મ મળ્યો છે. તેનું સાર્થક શું કર્યું ? એ સવાલનો વિચાર કરી તેનું સરવૈયું આ પર્વમાં કાઢીએ તો–કેટલાક પૂણ્યવંત આત્માઓ સિવાય ઘણે ભાગે તો–લક્ષ્મી મેળવવાની હાય વોયમાં–મોટાઇના મોહમાં–અને એક પેટનો ખાડો પુરવાના કાર્યમાં–આ અમુલ્ય જીંદગી વ્યર્થ ગુમાવીએ છે. ૨ શાસ્ત્ર શ્રવણ–ઘણીએ વખત કર્યું પણ આજનું વંચાયેલ, આવતી કાલે મહારાજશ્રી સવાલ કરે કે કાલ કયાંસુધી વ્યાખ્યાન

ચાલ્યું ? તો તેનો ઉત્તર શ્રોતાઓમાંથી ભાગ્યેજ એકાદ બે જણુ તરફથી મળે. ૩ શ્રદ્ધા—આપણી શ્રદ્ધા કેવી છે, તેનો તો મારા જેવા ઘણા ભાઈઓને અનુભવ હશે કે કાઉસ્સગ્ગમાં એકાદ તણખલું આવીને ખોળામાં પડે તો કાઉસ્સગ્ગ ઉડી જાય. ત્યારે હવે ચોથું અંગ ધર્મમાં પરાક્રમ ફોળવવું એ કેવું બનતું હશે તે તો સૌ સૌનો આત્મા જાણે !

આપણાં ધર્મનું રહસ્ય **પર્યુષણ—પર્વ**ના આઠ દિવસ, તપ—તપશ્ચર્યા, સામાયિક—પ્રતિક્રમણ કરવાં અને લીલોતરી, કંદમૂળની બાધા લેવી એમાંજ સમાયેલું હોય તોપણ ભલે! પણ તે સમજપૂર્વક કે વગર સમજનું ? સામાયિક કરી પણ તેના બત્રીશ દોષ તજ્યા છે ? પોષો કર્યો પણ તેના અઢાર દોષ તજ્યા છે ? અપવાસનું વ્રત છે પણ ક્રોધ તજ્યો છે ? બાધા—આખડીઓ લીધી પણ તેના પાલનની શક્તિ કેટલી છે ? જો આ બધું સમજવામાં આવે અને યથા તથ્ય વર્તનમાં ઉતરે તો તો બેડો પાર છે, પણ સમજપૂર્વક તો કોઇ પૂણ્યવંત !

સામાયિક એટલે મુહપતિ બાંધીને બેસવું એવો તો નર્યો અર્થ થતો નથી, કેમકે સામાયિક આઠ પ્રકારે કહી છે. ૧ સમતા ભાવ રાખવો—ઉપાશ્રયમાં સામાયિક કરવા ગયો પણ મારી સ્પેશિયલ જગોએ બીજા ભાઇએ સામાયિક બાંધી લીધી હોય તો મારી સમતા ઉડી જાય

અને મમતા જોર કરી જાય. ૨ સર્વ જીવ ઉપર દયા ભાવ રાખવો–હું ભલે મોટરો અને ઘોડાગાડીઓ ખેલવતો હોઉં પણ પાડોશીનો દીકરો બટકાં રોટલા સારૂ ટળવળતો હોય–તેને બટકું રોટલો આપી ન શકું ! ૩ રાગદ્વેષ છોડીને યથા વ્યવસ્થિત વચન બોલવું–કેવું રૂપાળું ને રઢીઆળું–મુત્સદ્દીગીરીથી ભરેલું વચન– "સાહેબ ! એ બિચારાને છતે માથે હાથ કાં વાઢો ?" ઇત્યાદિ !

દયાનો તો આપણે ઇજારો કેમ જાણે રાખ્યો હોય ? ખોટી અરે–રાટી તો દિવસમાં કોણ જાણે કેટલા વખત આપણે કરતા હઇશું ? પણ તેની સાથે આપણું–હૃદય માપી કોઇએ તાગ લીધો છે ? પાંચ મણ કળથીના વરસે બે વરસે કદાચ રૂપીઆ એકસો, બસો થઇ જાય, તોલમાં, માપમાં ઓછું આપવું અને વધારે લેવું–એમાં તો ઉસ્તાદી લેખાય, દીકરા ! આંગળ શેરી કાઢી, વણશેરો મુક, આવી તો આપણી સમસ્યાઓ ! દાણાની વખારો સડી હોય અને તેમાં લાખો ધનેડાં મરી ફીટે–તે વખતે તો તેનો મરવા–જન્મવાનો સ્વભાવજ છે, આવી સમજણ રાખી સંતોષ માનીએ.

શ્રાવકના વ્રત બાર છે તેમાં ૧ હિંસાથી નિવર્તવું–જીવની ઘાતતો કદાચ જાણે અજાણે થતી હશે પણ કુવચનોના પ્રહારથી, મોટાઇના મદથી, લક્ષ્મીના જોરથી અને સત્તાના

બળથી કેટલાય નાનાં મોટાં પ્રાણીઓ અને મનુષ્યોના હૃદયોના ઘાત કર્યા હશે, તેનો વિચાર સરખો પણ નથી. ૨ જુઠાથી નિવર્તવું–હસતાં, રમતાં, સ્વાર્થે કે બીનસ્વાર્થે, કારણે કે વગર કારણે એક દિવસમાં કેટલી વખત આપણે જુઠું બોલ્યા તેની કોઇએ નોંધ રાખી છે? કે તેનો હૃદયમાં પ્રશ્ચાતાપ સરખો પણ છે? ૩ ચોરીથી નિવર્તવું–વેપારમાં અગર ઉદર પૂર્ણાનું જે સાધન હોય તેમાં ચોરી તો હાલતા ને ચાલતાં ઉભી છે. તે સબંધે જરા પણ ગ્લાનિ થતી નથી! ૪ મૈથુનથી નિવર્તવું–આ ચોથા વૃત (શિયળ વ્રત) નો મહિમા તો તમામ ધર્મોએ વર્ણવ્યો છે. તેમ મહાન પુરૂષોએ વર્તનમાં ઉતારી સાબિતી કરી આપી છે. આ વ્રતથી પ્રથમ તો શારિરીક સંપત્તિ સારી–નિરોગી રહે છે, મગજ સ્વચ્છ રહે છે જેને લઇ સાંસારિક અને ધાર્મિક કામો કરવાની ઉજળી શક્તિ મેળવી શકાય છે. આપણાં જૈન–ધર્મમાં તો આ વ્રતનો મહિમા શ્રેષ્ટમાં શ્રેષ્ટ કહ્યો છે. છતાં સંસારી પોત પોતાના સ્ત્રી પુરૂષથી અમુક મર્યાદામાં રહે તે પણ ઉત્તમ છે પરંતુ પુરૂષો પરસ્ત્રી લંપટ અને સ્ત્રીઓ પર પુરૂષ ગામિની થાય અગર હોય તો–અગર એથી પણ વધારે શરમ ભરેલાં આક્ષેપો જ્યારે આપણા–જૈનધર્મીઓ ઉપર આવે તો–ખરેખર હડહડતો કળજુગ–જ્યાં પથારી પારખવાની શકિત પણ ગુમાવી હોય–તેનું અધઃપતન કેટલે

સુધી તેનું માપ ન થઇ શકે. મહેલાતની મહેલાત બાળી ભસ્મ કરવાને એક જ અંગારો બસ છે. વિશેષ શું ?

બાર વ્રતમાં આ ચાર વ્રતનો આ ઉત્તમ પર્વમાં વિચાર થાય અને તે સબંધે આપણા હૃદયનું માપ કાઢી લઈએ તો દીવા જેવું જણાઈ આવશે. અલબત કેટલીક જગોએ આ બાર વ્રતની મર્યાદા બાંધીને–ચોપડીઓ રાખેલી હું નજરે જોઉં છું પણ તે ઘણે ભાગે પથરણાના પુસ્તકોમાં બાંધેલ હોય છે કે જે બારમાસે **પર્યુષણ–પર્વમાં** છુટે છે.

"કન્યાવિક્રય" આ શબ્દ જ સાંભળનારને અકારો લાગે છે; તો પછી એ જાળમાં હોમાતી—કુમળા હૃદયની બાળાઓનું શું થતું હશે? કેટલીક બાળાઓના જીવતર ઉપર પાણી ફરી વળ્યાં! કેટલી બાળાઓના જીવતાં જીવ લેવાયા? અને કેટલા ન બનવાના બનાવો આપણા ઘરસંસારમાં બન્યા અને બને છે? તેનો વિચાર– **"દયાના ઇજારદાર"** આપણે આ પર્યુષણ–પર્વમાં અવસ્ય કરવો જોઇએ.

આપણે આપણી બધી ભવ્યતા ગુમાવી છે. તેનું મુળ કુસંપ–આપસઆપસના ઝગડા અને જમાનાની કેળવણી તેને અંગે સમાજમાં ઘુસેલ સડો–જેના અસંખ્ય ફણગા ફુટી આપણે વેરણ–છેરણ બની ગયા છઇએ! આવે વખતે પણ આપણે તો **"મિત્તિમે સબ ભૂએસુ વેર મઝંન**

કેણુઇ" (સર્વ પ્રાણી મારા મિત્ર સમાન છે) આટલુંજ જીભથી બોલવું અને "મિચ્છામિ દુક્કડં" માગી લેવું; તેમાં પણ હૃદયમાં વિષનો કુંપો છુપાવી રાખી, કઇ ઘડીએ કેના ઉપર ઠાલવવો એ લાગ જોવાતો હોય તો પ્રભુ! એ છુપા ભેદ તો તારા સિવાય કોણ જાણી શકે?

આટલું બધું પરિવર્તન શું? એ સમજવું કાંઇ મુશ્કેલ તો નથી પણ વ્યહવારમાં ઉતારવું મુશ્કેલ છે. જુઓ! આપણે આંગણે એક સારો મિજમાન આવે છે, તો તે વખતે ઘર–આંગણુ વાળીચોળી સાફ રાખીએ છીએ. પણ આ રીતિ આપણે આપણા આત્માના કલ્યાણ માટે ભુલી ગયા છીએ કેમકે:–**વીરવાણી** જે હૃદયમાં સંઘરવાની છે, જે હૃદયમાં **વીર–ગુણો**નો વાસ કરવાનો છે, તે હૃદય જ કઇક કાળાંતરના કચરાથી લપટાયેલ છે. તેને સાફ કરવાનો શ્રમ આપણે ઉઠાવી શકતા નથી, એમાં સ્વાર્થ આડો આવી ઉભો રહે છે. સ્વાર્થત્યાગ નથી થતો એ આપણી નબળાઇ છે. અને તેને પરિણામે આપણી ક્રીયાઓ (સામાયિક–પ્રતિક્રમણ-ઇત્યાદિ) મીઠાસ રહીત લાગે છે. એક નવકારમંત્રના માત્ર સ્મરણથીજ પાપીમાં પાપી આત્માઓ તરી પાર પામ્યા છે એવા દાખલા આપણા શાસ્ત્રમાં મોજુદ છે. છતાં આપણી આકરી ક્રીયાઓ નિઃરસ! આનું કારણ શું? એ કારણ ચોખું છે–જ્યાંસુધી હૃદયની મલિનતા મટી નથી, જ્યાં સુધી

મુત્સદ્દીગીરીની અનેક ઘટનાઓ હૃદયમાંથી ટળી નથી; જ્યાં સુધી હૃદય શુદ્ધ સ્ફાટીક મણી જેવું થયું નથી; ત્યાં સુધી એ બધી ક્રીયાઓ શુદ્ધભાવથી થતી નથી એટલે લુખી અને નિઃરસ લાગે છે.

મારો અંતર–નાદ પુરો થાય છે. હું નથી વિદ્વાન કે નથી બી. એ. કે એવી કોઇ ડીગ્રી મેળવેલ, નથી શાસ્ત્રનો અભ્યાસી, માત્ર એક ગામડીઓ છું ભાષા નથી છતાં કાંઇક હૃદય છે. હૃદય છે એટલે તેને અવનવા બનાવોના દર્શનથી આઘાત પણ થાય. બહુ દુઃખમાં ભેળાયેલ માણસ જેમ હૃદય ખુલું મુકી રડે એટલે તેના મગજને શાંતિ થાય, તેમ હૃદયનો ભાર ઓછો કરવા નીમિતે જ આ મારૂં લખાણ છે. કોઇ એકાદ વ્યકિત પ્રત્યે લખવાનો ઉદ્દેશ નથી, રાગ દ્વેષથી લખવાનું કારણ નથી. ઉપદેશ આપવાને તો નાલાયક છું એટલે તે નીમિત્તે પણ આ લખાણ નથી. ફકત હૃદયના અવાજને દાબી નહિ રાખી શકવાથી– આ **પર્યુષણપર્વ** નિમીત્તે–જન સમાજની સેવામાં મારો અવાજ રજુ કરૂં છું. તો :–

વિદ્વાન જનો ! આપ મારી ભાષાની ટીકા કરતાં પહેલાં અને વ્યાકરણ દોષ કાઢતાં અગાઉ હૃદય પારખજો. કદાચ જો હૃદયે હૃદય ભેટી ગયું તો પછી આપના હૃદયને **સમાજ સુધારણા** પ્રત્યે વાળસો અને તેમાં કદાચ બે આંસુ પાડવા

પડે તો તે પાડીને પણ આ **પર્યુષણ-પર્વને** દીપાવસો.

સમાજના શેઠીઆઓ! આપને હૃદય હશે. જો હોય તો આપના નાણાંનો અને આપની લાગવગનો ઉપયોગ– **સમાજનો સડો** દૂર **કરવામાં કરશો.** કદાચ તેમાં આપની મોટાઈનો ભોગ આપવો પડે તો તે પણ આપને– સમાજનો સડો દુર કરવાના વ્રત-પચ્ચખાણ લઈને જ આ **પર્યુષણ-પર્વ** સાચી રીતે શોભાવશો.

ક્રિયાવાદીઓ-બાઈઓ અને ભાઈઓ! આપ આપની શક્તિ પ્રમાણે સામાયિક-પ્રતિક્રમણ, અપવાસ-પોષા, તપ-તપશ્ચર્યા, વ્રત-નિયમ અને લાણી પર ભાવના ઘણા ઉમંગથી કરશો અને આઠ દિવસના અઠવાડીયામાં કરેલાં ધાર્મિક શુભ કાર્યોના સંભારણા હૃદયમાં કાયમ માટે સંઘરશો! રખે! ઝાડી-ઝપટી કાઢેલ મેલ પાછો વોરતા! "મિચ્છામિદુક્કડં" તો જાણે અજાણે, ભુલચૂકથી થઈ ગયેલ પ્રથમ વખતના પાપને માટે છે પણ ઇરાદાપૂર્વક કરેલ પાપને માટે અગરતો એનું એ પાપ બીજી વખત થાય તેને માટે નથી તેનો વિચાર કરશો.

સુજ્ઞ બાળકો! આપનામાં તો અમારી મોટી-મોટી આશાઓ છે, આમાંગલિક અઠવાડીયામાં આપે તો "સેવા-વૃત્તિનો" વિકાસ જ કરવાનો છે. એ કાર્ય મહાન છે છતાં આપના કુમળાં હૃદયો તેને કાયમનું સ્થાન આપશે એવી આશા અને ઇચ્છા છે..........ઇતિ.

Printed by

R. B. Trivedi

at

his

SARASWATI

PRINTING

PRESS.

UMRETH.